મઢી સુગર ચૂંટણી: માંડવી ઝોનના ઉમેદવારોનું આજે ભાવિ ખૂલશે

હિતેશ પટેલ

માંડવી: માંડવીમાં મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર બોર્ડની ચૂંટણીને પગલે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. સત્તાધારી સહકાર પેનલ, વિપક્ષી પરિવર્તન પેનલ અને અપક્ષ ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. સભાસદોના ઉત્સાહ વચ્ચે માંડવી જૂથ-1માં 62.79% અને જૂથ-2માં 67.95% ઊંચું મતદાન નોંધાયું હતું. જૂથ-12 (માંડવી-1)ની સીટ પર સહકાર, પરિવર્તન અને ચાર અપક્ષ સહિત સૌથી વધુ 6 ઉમેદવાર વચ્ચે કાંટાની ટક્કર જામી હતી. જેમાં સહકાર પેનલના મહેન્દ્રસિંહ મહીડા અને પરિવર્તન પેનલના દિલીપસિંહ મહિડા સામે અપક્ષ ઉમેદવાર તરીકે તુષારભાઈ પટેલ, નિતેશભાઈ ઉપાધ્યાય, સંજયસિંહ ડુમસિયા અને પંકજભાઈ ચૌધરી માટે મતદાન થયું હતું.

જ્યારે જૂથ-13 (માંડવી-2) પર 4 ઉમેદવાર મેદાનમાં હતા. આ બેઠક પર સહકાર પેનલના દિનેશભાઈ પટેલ અને પરિવર્તન પેનલના સંદીપભાઈ શર્મા મેદાનમાં હતા. જ્યારે કિરણભાઈ પટેલ અને બાલુભાઈ પટેલ અપક્ષ ઉમેદવાર તરીકે ઊભા રહ્યા હતા. SC/ST અનામત (જૂથ ૧ થી ૧૩) ની બેઠક માટે સહકાર પેનલના હરીશભાઈ ચૌધરી અને દેવેન્દ્ર ચૌધરી વચ્ચે જંગ ખેલાયો હતો. મતદાન પૂર્ણ થતાં ઉમેદવારોનું ભવિષ્ય મતપેટીમાં સીલ થયું છે, જેનો અંતિમ ફેંસલો આજે 22 સપ્ટેમ્બરે મતગણતરી હાથ ધરાતાં સ્પષ્ટ થશે.

વ્યારાની કેનેરા બેંકમાં કરોડોના લોન કૌભાંડની તપાસ CBIને સોંપવા માંગ

ગુજરાત વિધાનસભાના વિપક્ષી નેતા ડો.તુષાર ચૌધરીએ ગૃહમંત્રીને લેખિત રજૂઆત કરી

સમગ્ર લોન કૌભાંડમાં વ્યારાના વગદારો, રાજકારણીઓ અને કોન્ટ્રાક્ટરો સંડોવાયેલા હોવાનો આક્ષેપ

વ્યારા: તાપી જિલ્લામાં બહુચર્ચિત કેનેરા બેંક લોન કૌભાંડનું ભૂત ફરી ધૂણવા પામ્યું છે. ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ સમગ્ર લોન કૌભાંડ મામલે સ્થાનિક પોલીસ રાજકીય અને વગદારોના દબાણ હેઠળ કાર્યવાહી કરી રહી હોવાના આક્ષેપો કર્યા છે અને સાથે કરોડો રૂપિયાનાં આ લોન કૌભાંડમાં વ્યારાના વગદાર રાજકારણીઓ અને કોન્ટ્રાક્ટરોએ આ કૌભાંડના પૈસાથી પોતાના પેટ્રોલ પંપ, કીમતી જમીન, સ્ટોન ક્વોરી ખરીદવામાં વાપર્યા હોવાની ફરિયાદ કરી સમગ્ર મામલો જિલ્લાના સ્થાનિક અશિક્ષિત આદિવાસી ખેડૂતો અને પશુપાલકોના નામે આચરવામાં આવેલ સંગઠિત લોન કૌભાંડમાં સરકારી નાણાંની મોટાપાયે ઉચાપત કરવામાં આવી હોય તાત્કાલિક ધોરણે સમગ્ર તપાસ ગુજરાત પોલીસ પાસેથી લઈને કેન્દ્રીય એજન્સી CBIને સોંપવા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને લેખિત ભલામણ કરી છે.

ભ્રષ્ટાચાર નિવારવા અધિનિયમ મુજબ આ કેસમાં આરોપી તત્કાલીન બેંક મેનેજર અમનદીપ યાદવ, નોટરી વકીલ ઈશ્વર કોંકણી અને સંદિપ કોંકણી સહિતના આરોપીઓને જેલ હવાલે કરી કાર્યવાહી કરાઈ છે. પરંતુ કરોડોના લોન કૌભાંડમાં સંડોવાયેલા અસલી માસ્ટર માઈન્ડો સામે હજુ સુધી કાર્યવાહી ન કરાતાં પોલીસની ભૂમિકા સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. ઉપરાંત સમગ્ર કૌભાંડમાં 100થી વધુ આદિવાસી ખેડૂતો ભોગ બન્યા હોવા છતાં પોલીસે માત્ર 30થી 38નો સીમિત આંકડો બતાવી પોલીસે ગુનાની ગંભીરતાને ઓછી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું અરજીમાં ઉલ્લેખ કરાયો છે.

લોન કૌભાંડનો મુખ્ય આરોપી સંદિપ કોંકણીના બેંક ખાતામાં રૂ.2.04 કરોડ અને તેની પત્ની હસામતીબેનના કેનેરા બેંકના ખાતામાં રૂ.2.41 કરોડના વર્ષ 2024-25 દરમિયાન એક જ વર્ષના ગાળામાં મસમોટા નાણાંકીય વ્યવહારો સામે આવ્યા છે. તેમજ આ પતિ-પત્નીએ 3 કરોડથી વધુની રકમ કમિશન એજન્ટ આદિલ રસૂલખાન પઠાણના બેંક ખાતામાં ઓનલાઈન ડિપોઝિટ કરી છે તેમજ આરોપી સંદીપ કોંકણીની પત્નીના બેંક ખાતામાંથી તત્કાલીન બેંક મેનેજર અમનદીપ યાદવના સગાભાઈ પવનદીપના બેંક ખાતામાં રૂપિયા 3 લાખ થયા હોવાનાં પણ સજ્જડ પુરાવા મળ્યા છે.

આ સમગ્ર લોન કૌભાંડમાં કોર્ટ સમક્ષ રજૂ થયેલા સત્તાવાર દસ્તાવેજો, બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ તેમજ FIRની વિગતો તપાસતાં વ્યારાના મોટા ગજાના વગદાર રાજકારણીઓ અને કોન્ટ્રાક્ટરો તેમજ શ્વેતપોશ માફિયાઓની સીધી સંડોવણી બહાર આવી હોવાના પુરવાર થયું છે. સમગ્ર મામલે ઈડી તેમજ ઈન્કમટેક્સ વિભાગને જાણ ન કરી સ્થાનિક પોલીસે જાણી જોઈને કેન્દ્રીય એજન્સીઓ તેમજ ઉચ્ચ તપાસ એજન્સીઓને કરોડના લોન કૌભાંડથી દૂર રાખી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

આડમોર ગામે ભર ચોમાસામાં આંબા ઉપર મંજરી સાથે કેરી ઝૂલી

જયેશ પટેલ

સાયણ: ઓલપાડના આડમોર ગામે નિશાળ ફળિયામાં રહેતા ભાવિકભાઈ પ્રવીણભાઈ પટેલ નોકરી સાથે ખેતી કરે છે. તેમના ખેતરમાં આંબા ઉપર પહેલીવાર ચોમાસામાં મંજરી સાથે કેરી જોવા મળી હતી. સામાન્ય રીતે બારમાસી આંબા સિવાય અન્ય આંબાઓ ઉપર દર વર્ષે શિયાળા શિયાળાની ઋતુના જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનાની ભર ઠંડીમાં આંબા ઉપર મંજરી(મોર) આવ્યા બાદ ગરમીના ઉનાળાની ઋતુમાં કેરીનો ફાલ આવતો હોય છે. ભાવિકભાઈના કહેવા મુજબ ચાલુ વર્ષમાં એક આંબા ઉપર અને તે પણ માત્ર આંબાની એક જ બાજુની કેટલીક ડાળીઓ ઉપર ઉનાળા અને ચોમાસુ ઋતુમાં ઠંડી પડ્યા વિના કસમયે મંજરી અને કેરી જોવા મળી છે. નવાઈની વાત એ છે કે, આ આંબા ઉપર આ વર્ષે બીજી બાજુની કેટલીક ડાળીઓ ઉપર મંજરી (મોર) આવ્યા બાદ ઉનાળામાં કેરીની સિઝનમાં કેરીનો મબલખ પાક આવ્યો હતો. પરંતુ આ જ આંબા ઉપર ભર ચોમાસાના વરસાદમાં ઠંડી પડ્યા વિના મંજરી (મોર) અને કેરી ઝૂલતી જોઈને મારો પરિવાર સહિત સમગ્ર પંથકના લોકો ભારે આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

બુહારીની મોરારજી દેસાઈ કોલેજમાં પ્રોફેસરને વિદ્યાર્થીઓની હેરાનગતિ!

વર્ગખંડમાં બિનજરૂરી પ્રવેશ કરી શિક્ષણ કાર્યમાં વિક્ષેપ કરતાં તાપી પોલીસ અધિક્ષકને રજૂઆત

વાલોડ: બુહારી ખાતે આવેલ મોરારજી દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં મહિલા શિક્ષકને કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવે છે. તેમજ વર્ગખંડમાં બિનજરૂરી પ્રવેશ કરી શિક્ષણ કાર્યમાં વિક્ષેપ કરવામાં આવતો હોવાથી મહિલા શિક્ષકે તાપી પોલીસ અધિક્ષક કચેરી ખાતે અરજી આપી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

બુહારી ખાતે શ્રી મોરારજી દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આવેલી છે. આ કોલેજમાં સ્તુતિબેન ચૌધરી મહિલા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. છેલ્લા કેટલાક સમયથી કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્યમાં વારંવાર વિક્ષેપ કરવામાં આવે છે. તથા લેક્ચર દરમિયાન બિનજરૂરી રીતે વર્ગખંડમાં પ્રવેશ કરતાં હોવાથી મહિલા શિક્ષકે અસહજ અને માનસિક રીતે પરેશાન કરતી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ખાસ કરીને કેટલાક વિદ્યાર્થીઓ જેઓ એમ.એ.માં અભ્યાસ કરતાં હોવા છતાં એફ.વાય. તથા અન્ય વર્ગોમાં મહિલા શિક્ષક લેક્ચર લેતા હોય ત્યારે વારંવાર કોઈ સ્પષ્ટ શૈક્ષણિક કારણ વગર વર્ગખંડમાં આવી જાય છે. લેક્ચર ચાલુ હોવા છતાં આ પ્રકારનો વારંવારનો પ્રવેશ કરી વર્ગખંડની શૈક્ષણિક શિસ્તને અસર કરે તેમજ શિક્ષણ કાર્યમાં વિક્ષેપ ઊભો કરે છે. આવી પ્રવૃત્તિઓ વારંવાર બનતી હોવાથી મહિલા શિક્ષક હેરાન થઈ ગયા છે. એકાગ્રતાપૂર્વક શિક્ષણકાર્ય કરી શકતા ન હોય તેમજ વર્ગમાં અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ નકારાત્મક અસર પડે છે. જેથી આદિવાસી મહિલા શિક્ષકે આખરે પોલીસ અધિક્ષક કચેરી વ્યારા ખાતે અરજી આપી કાર્યવાહીની માંગ કરી છે.

બીજી તરફ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ કોલેજમાં એડહોક ઉપર રાખવામાં આવેલા પ્રોફેસર આદિવાસી બહેનનો પગાર આપવામાં આવ્યો ન હોવાથી સંસ્થાના વડાએ ચેક ઉપર સહી કરી દીધી છે. પણ આચાર્યએ ચેક ઉપર સહી કરી નથી. જે બાબતને લઈ સંસ્થાના વડા અને આચાર્ય સાથે આદિવાસી સમાજના આગેવાનોએ આ આદિવાસી મહિલાને પગાર મળે તે બાબતે ચર્ચા કરવામાં આવી છે.

અંકલેશ્વરમાં ૭ દિવસની ગણેશ પ્રતિમાઓનું વિસર્જન

અંકલેશ્વર: અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઇડ એરિયા ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ જળકુંડમાં સાત દિવસના શ્રી ગણેશની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. કૃત્રિમ જળકુંડ પર તંત્રની ટીમ પણ તૈનાત રાખવામાં આવી હતી. ભક્તોના ઘરે સ્થાપિત ૫ ફૂટ સુધીની પ્રતિમાઓનું કૃત્રિમ જળકુંડમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. મોડી સાંજ સુધીમાં ૨૧૪૦થી વધુ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

દીપ શાહ, શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ, બજાર ફળીયુ, મટી

સાહિલ પટેલ, શ્રી શુભ લાભ ગણેશ મંડળ, સદલફુલ, વાંસદા

રાહુલ પટેલ, ગાયત્રી સ્ટ્રીટ, અસનાડ, ઓલપાડ

અલ્પેશ પરમાર, નવી પારડી

હૈમા વીરીચી, મજે ગામના રાજા, ચીખલી

સાગર શિંદે, શ્રી વડવાળા ગણેશ મંડળ, જે પી નગર સોસાયટી, બારડોલી

ધ્વિઝા પટેલ, વિહાન પટેલ, દેવમ પટેલ, અસનાડ, ઓલપાડ

સોલાર પેનલ આપવાના બહાને વ્યારાના વેપારી સાથે રૂ.8.51 લાખની ઠગાઈ

ચેતના પાટીલ નામની મહિલા સહિત 5થી વધુ ભેજાબાજ સામે ગુનો નોંધાયો

વ્યારા: વ્યારાના 33 વર્ષીય વેપારી સાથે સોલાર પેનલ આપવાના બહાને રૂ.8.51 લાખની ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ વિભાશ વિજયકુમાર માંડવિયા (ઉં.વ.33) (ધંધો-વેપાર) (રહે.,મ.નં.1034) (રહે.,ભરત નગરની બાજુમાં તળાવ રોડ, વ્યારા) વ્યારાના કાનપુરા પાસે સોલાર પેનલનું વેચાણનું કામકાજ કરે છે. ગત તા.7-8-2026ના રોજ ફરિયાદી પર અજાણ્યા મોબાઈલ નંબર પરથી ચેતના પાટીલ નામની સેલ્સ પર્સન મહિલાએ ફોન કરીને સોલાર પેનલ ખરીદવા માટે વિશ્વાસમાં લઈ અદાણી કંપનીની 620 વોલ્ટની પેનલના કુલ ત્રણ પ્લેટ જેમાં 1 પ્લેટમાં કુલ 36 જેટલી સોલાર પેનલ આવતી હોવાનું જણાવ્યું હતું. જે લેવા માટે રૂ.17,08,484 લાખનું કોટેશન મોકલી 50 ટકા રૂ.8,51,000 રકમ એડ્વાન્સમાં ચૂકવવા જણાવી હતી. જે 50 ટકા રકમ રૂ.8,51,000 વેપારીએ તા.10-8-2026ના રોજ RBL બેંક ખાતા નં.409002627381 પર જમા કરાવી દીધી હતી. ત્યારબાદ આરોપીઓએ સોલાર પેનલ ડીલેવરી ન કરતાં આજદિન સુધી વેપારીએ એડ્વાન્સમાં ચૂકવેલાં નાણાં પણ પરત ન આપતાં વેપારીએ વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે ચેતના પાટીલ, આયુષ અગ્રવાલ, વિશાલ સહિત અન્ય 2 અજાણ્યા શખ્સો તેમજ તપાસમાં અન્ય જે નીકળે તેના વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વલવાડાની હાઈસ્કૂલમાં જનજાગૃતિ કાર્યક્રમ

વલીમ દિવાન

ભોરિયા: સુરત નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીના માર્ગદર્શન હેઠળ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અંબિકાના વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં તેમણે 'વ્યસનને કહો ના, જીવનને કહો હા'નો સંદેશ આપ્યો હતો. અધિકારીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં વલવાડા ગ્રામ પંચાયતનાં સરપંચ જ્યોત્સ્નાબેન પટેલ, સંસ્થાના ઉપપ્રમુખ ભગુભાઈ એન. પટેલ, સબ ઇન્સ્પેક્ટર આર.એલ. ઘામેલિયા, જમાદાર કે.બી.પાડવી, શાળાના આચાર્ય નિલેશભાઈ પ્રજાપતિ તેમજ શાળા પરિવારનો સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.

અરેઠના વદેશિયામાં તસ્કરોનો આતંક

હિતેશ પટેલ

માંડવી: અરેઠના વદેશિયા ગામમાં તસ્કરોએ તરખાટ મચાવી એકસાથે ૯ ખેડૂતના ખેતરોમાંથી અંદાજે રૂ.૭૮,૦૦૦ની કિંમતના સિંચાઈના કેબલ વાયરની ચોરી કરી છે. અવારનવાર બનતી મોટર અને કેબલ ચોરીના બનાવો છતાં અગાઉના ગુનાઓ ન ઉકેલાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોરીના પગલે આર્થિક નુકસાન વેઠતા ભોગ બનનાર ખેડૂતોએ આજે પોલીસ મથકે અરજી આપી રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવાની ઉગ્ર માંગ કરી છે.

પહાડદામાં કારે બાઇકને અડફેટે લેતાં યુવાનનું મોત

સોનગઢ: પહાડદા ગામની ચોકડી પાસે ગત રવિવારે મોટરસાઇકલ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પહાડદા ગામના ટેકરા ફળિયામાં રહેતા આનંદભાઈ ભીલ પોતાની મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા, ત્યારે કાળા રંગની ક્રેટા કાર નં.(MH-15-JS-9142)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં આનંદભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. સોનગઢ પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઓલપાડના મૂળદમાં ઓછા પગારના ટેન્શનમાં યુવકે જીવન ટુંકાવ્યું

કીમ: ઓલપાડના મૂળદ ગામની અક્ષરપાર્ક સોસાયટીમાં 28 વર્ષીય યુવકે પંખા સાથે સાડી વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યાની ઘટના સામે આવી છે. મૂળદ ગામની અક્ષરપાર્ક સોસાયટીના મકાન નં.98માં રહેતા દીપક ભીખમ શાહ (ઉ.વ.28) છેલ્લા બે મહિનાથી ઓછા પગાર બાબતે ટેન્શનમાં રહેતા હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે. તા.20 સપ્ટેમ્બરે સવારે 7થી 8:30 વાગ્યાની વચ્ચે કોઈ સમયે દીપકે પોતાના બેડરૂમમાં પંખા સાથે સાડી વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

હલધરૂમાં લિફ્ટ પડતાં સફાઈકર્મી મહિલાનું મોત

કામરેજ: હલધરૂ ખાતે આવેલા એન્થમ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક-૧માં અક્ષરમ ટેક્સટાઈલમાં સોમવારે સવારે આશરે ૮ કલાકે ફેક્ટરીમાં કામ કરતાં ૫૩ વર્ષીય મહિલા શ્રમિક ચુન્નીબેન લક્ષ્મણ ગૌરી લિફ્ટના નીચેના બેઝમેન્ટમાં સાફસફાઈ કરી રહ્યાં હતાં, ત્યારે અચાનક ઉપરથી લિફ્ટ નીચે આવી જતાં તેઓ દબાઈ ગયાં હતાં. મોં અને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેમને ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાયાં હતાં, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ ઘટના અંગે કામરેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સરભોણ ખાતે સામૂહિક સફાઈ અભિયાન

બારડોલી: સંકલ્પ સેવા અભિયાન હેઠળતા ઠી સેવા અંતર્ગત દરરોજ એક કચેરીને સાંકળીને મોટા પાયે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત સોમવારે મદદનીશ મેનેજિંગ ડિરેક્ટર, GLPC, ગાંધીનગરના અધ્યક્ષતામાં બારડોલીના સરભોણ ગામે સામૂહિક સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. સાથે મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, ગામના સરપંચ, તલાટી, આંગણવાડીની બહેનો, ગ્રામજનો તથા SBM શાખાના તમામ કર્મચારીઓએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને મહોલ્લા, શેરીઓને સ્વચ્છ બનાવ્યું હતું.

વડનગરથી વારાણસી નીકળેલી સેવા સંકલ્પ યાત્રાનું નેત્રંગમાં સ્વાગત

નેત્રંગ: નરેન્દ્ર મોદીના જનસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે વડનગરથી વારાણસી નીકળેલી 'સેવા સંકલ્પ યાત્રા'નું નેત્રંગ અને વાલિયામાં કળશ પૂજન અને પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું. રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય રીતેશ વસાવા અને ભાજપ સંગઠનના હોદ્દેદારો બાઈક ચલાવી ઉત્સાહભેર જોડાયા હતા. યાત્રા દરમિયાન મહાનુભવોએ મહારાણા પ્રતાપ અને ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ તકે જવાહર નવોદય વિદ્યાલયના ૫૪૦ વિદ્યાર્થીને નોટબુક વિતરણ કરાયું હતું.

કડોદરાના શાંતિનગરમાંથી યુવતી ગુમ

પલસાણા: કડોદરા સ્થિત શાંતિનગરમાં રહેતી કોલેજિયન યુવતી ૨૦ વર્ષીય નેહા પાસવાન ગત ૧૨ સપ્ટેમ્બરે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ છે. મૂળ બિહારના પરિવારે ભારે શોધખોળ બાદ પણ કોઈ ભાળ ન મળતાં, પિતા અશોકભાઈએ ૨૦ સપ્ટેમ્બરે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Vibe
10:00am
Chatni-Gujarati
05:00pm
Mirzapur:The Movie
11:00am , 09:00pm
Hanuman Ansh
01:00pm , 03:00pm , 06:00pm , 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333